GJBK210006442024

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| કેસ પ્રાપ્તિ તારીખ | | | | ૦૭-૧૦-૨૦૨૪ | | |
| કેસ દાખલ તારીખ | | | | ૦૭-૧૦-૨૦૨૪ | | |
| કેસ નિર્ણિત તારીખ | | | | ૧૦-૦૪-૨૦૨૬ | | |
| અવધિ | ૦૧ | વર્ષ | ૦૬ | માસ | ૦૩ | દિવસ |

**<u>મે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબ</u>**
**<u>(કુલદીપ આર. શર્મા)શ્રીની અદાલત સમક્ષ, મુ.લાખણી.</u>**

**<u>ફોજદારી કેસ નં. ૫૨૫/૨૦૨૪</u>**
**આંક:-**

**ફરીયાદી :- સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી :- પીરાભાઈ મેવાભાઈ રાવળ.**

**રહે.**પેપળું, તા.લાખણી, જિ.બનાસકાંઠા

**ગુનો :- ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ-૬૫-એફ....**

...............................................................................

**ફરીયાદી તર્ફે :- એ.પી.પી.શ્રી. વી.એ.જોષી**
**આરોપી તર્ફે :- વિ.વ. શ્રી. એસ.બી.માળી**

...............................................................................

## **–:ઠરાવ:–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના તહોમતદારે ગઈ તા.૨૭–૦૭–૨૦૨૪ ના કલાક–૧૮:૩૦ વાગ્યે મોજે પેપળું મુકામે પોતાના કબજા ભોગવટાના રહેણાંક ઘરના આગળના ભાગે ખુલ્લી જમીનમાં દાટેલ માટલામાં દારૂ ગાળવાનો વોશ લિટર–૬૦ કુલ કિ.રૂ.૧૨૦ નો ગે.કા અને વગર પાસ પરમિટનો રાખી પોલીસ રેઈડ દરમ્યાન ઘરે હાજર ન મળી આવી,ગુજરાત નશાબંધી અધિનિયમ કલમ.૬૫–એફ મુજબનો ગુનો કરેલ છે.

(૨) હાલના કામે આરોપી સામે ગુજરાત નશાબંધી અધિનીયમની કલમ.૬૫–એફ મુજબના શિક્ષાપાત્ર ગુના સબબની ફરીયાદના આધારે ચાર્જશીટ રજૂ થતાં, આરોપી વિરૂધ્ધ સમન્સ ઈસ્યુ કરતાં. આરોપીને સમન્સની બજવણી થતાં આરોપી તેમના વિકીલશ્રી મારફતે હાજર થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે પુરી પાડી આંક– ૩ થી વિગતવારનું તહોમતનામું ઘડી વાંચી સંભાળવેલ છે. ત્યારબાદ આરોપીનું નિવેદન આંક– ૪ થી નોંધેલ છે, જેમાં આરોપીએ તેમના વિરૂધ્ધના ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી સદરહું કેસ પુરાવા ઉપર મુલતવી રાખવામાં આવેલો.

(૩) ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ તહોમત પુરવાર કરવા નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**<u>મોખીક પુરાવો</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચ–હેમાભાઈ જોરાભાઈ દેસાઈની જુબાની | ૯ |
| ૨ . | ત.ક.અ. રઘુરામભાઈ ભુદરભાઈ નીજુબાની | ૧૧ |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચનામું | ૧૦ |
| ૨. | ફરિયાદ | ૧૨ |

(૪) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આરોપીનું બી.એન.એસ.એસની કલમ ૩૫૧ મુજબ આ કામે આરોપીનું વિશેષ નિવેદન નોધવામાં આવતાં આરોપીએ ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે.

(૫) ફરીયાદપક્ષના વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીના વિ.વ.શ્રીની દલીલો વિગતવાર સાંભળી.

(૬) ઉપરોકત હકીકતોને લક્ષમાં લેતા આ કોર્ટના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, તા.૨૭-૦૭-૨૦૨૪ ના કલાક-૧૮:૩૦ વાગ્યે મોજે પેપળું મુકામે પોતાના કબજા ભોગવટાના રહેણાંક ઘરના આગળના ભાગે ખુલ્લી જમીનમાં દાટેલ માટલામાં દારુ ગાળવાનો વોશ લિટર-૬૦ કુલ કિ.રૂ.૧૨૦ નો ગે.કા અને વગર પાસ પરમિટનો રાખી ,ગુજરાત નશાબંધી અધિનિયમ કલમ.૬૫-એફ મુજબનો ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વે આ અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં
(૨) આખરી હુકમ મુજબ

-:<u>કારણો :-</u>

<u>**મુદ્દાનં.૧ પરત્વે**</u>

(૮) ફરીયાદપક્ષના પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલા, ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનુ મુલ્યાંકન, વિશ્લેષણ કરતી વખતે પ્રસ્થાપિત થયેલ કેટલાંક સિંધ્ધાંતો લક્ષમાં લેવા જરુરી છે, જે નીચે મુજબ છે.

**૧.** ફોજદારી કાયદા મુજબ ફરીયાદપક્ષે આરોપી સામે પોતાનો કેસ નિ:શંક પુરાવાથી પુરવાર કરવાનો રહે છે. જ્યારે આરોપી પક્ષે પોતાનો બચાવ સંભવિતતાના સિધ્ધાંત ઉપર પુરવાર કરવાનો રહે છે. અને તે માટે આરોપીપક્ષ ફરીયાદપક્ષના સાહેદોના પુરાવા દરમ્યાન ઉલટ તપાસમાં તે હકીકત પુરવાર કરી શકે છે.

**૨.** જયારે કોઈ કિસ્સામાં ફરીયાદપક્ષના સાહેદોના પુરાવામાં કોઈ ગૌણ અને ક્ષુલ્લક વિરોધાભાસ હોય તો તેને લઈને ફરીયાદપક્ષના કેસને કોઈ નુકશાન થતુ નથી. પરંતુ જો સાહેદોનો પુરાવો મહત્વની બાબતમા વિરોધાભાસી અને અસંગતતાભર્યો હોય તો તેવા પ્રસંગે તે હકીકત ફરીયાદપક્ષની વિપરીત જાય.

**૩.** ભારતીય સાક્ષ્ય અધિનીયમ કલમ–૧૩૯ લક્ષમાં લેતાં, કોઈ એક હકીકત સાબિત કરવા અમુક સાહેદોની સંખ્યા હોવી જરુરી નથી. એટલે કે, સાહેદોની સંખ્યા/જથ્થો નહી, પણ પુરાવાની ગુણવત્તા કે સાહેદોનાં પુરાવાની વિશ્વાસનીયતા મહત્વની છે.

**૪.** ફોજદારી કાયદાનો એ સિધ્ધાંત પણ સુસ્થાપિત છે કે, ફોજદારી કેસમાં જે કાંઈ નિર્ણય ઉપલી અદાલતે આપેલ હોય છે તે જે તે કિસ્સાની સંબંધીત હકીકતો અને સંજોગો આધારીત હોય છે અને તે ચુકાદો હકીકતો ઉપર આધારીત ચુકાદો ગણાય છે અને તેથી જે તે ચુકાદો હાથ ઉપરના કેસની હકીકતોમા આપોઆપ લાગુ પડતા નથી. અદાલતે પોતાની સમક્ષના જે તે કિસ્સાની હકીકતો અને સંજોગો તથા રેકર્ડ ઉપરના પુરાવાના અનુસંધાને જે તે કિસ્સામાં નિર્ણય લેવાનો રહે છે.

(૯) આ કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ ભારતીય સાક્ષ્ય અધિનીયમ કલમ–૧૦૪ તથા ૧૦૫ મુજબ સાબિત કરવા માટે રેકર્ડ પર ફરિયાદીની ફરિયાદ રજૂ થયેલ છે, વધુમાં ત.ક.અ. રઘુરામભાઈ ભુદરભાઈને આંક–૧૧ થી તપાસતા તેઓએ કરેલ તપાસ તથા મુખ્યત્વે રેકર્ડ પર રજૂ થયેલ ફરિયાદને અનુરુપ જુબાની આપેલ છે.

બચાવપક્ષે ફરીયાદીની ઉલટ તપાસ કરતાં તેઓએ એ વાતનો સ્વીકારેલ છે કે, આરોપી સ્થળપર હાજર મળી આવેલ નથી,આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લિધેલ નથી,પંચનોના નામ સરનામાં ફરિયાદમાં લખાવેલ નથી,પ્રોહી કલમ–૧૨૦ મુજબનો ઠરાવ કરેલ નથી,ઘરના માલિકીના આધાર પુરાવો અમોએ મેળવેલ નથી.એ વાતનો અસ્વિકાર કરેલ છે કે,આરોપી વિરુદ્ધ ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરી તેના સમર્થનમાં ખોટી જુબાની આપું છું.

(૧૦) આ કામે ફરિયાદ પક્ષે પોતાનો કેસ ભારતીય સાક્ષ્ય અધિનીયમ કલમ–૧૦૪ તથા ૧૦૫ મુજબ સાબિત કરવા માટે પંચ સાહેદ હેમાભાઈ જોરાભાઈ દેસાઈને આક–૯ થી તપાસતા તેઓએ પોતાની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસે પંચનામામાં તેઓને સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલ. તે સિવાય બીજી કોઈ હકીકત જાણતા નથી.તેઓને આંક–૧૦ વાળુ પંચનામુ બતાવતા તેમાં પંચ તરીકે તેઓની સહી ઓળખી બતાવતા હોઈ આ સાહેદને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી કોર્ટની પરવાનગીથી ફરીયાદપક્ષે ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પશ્નો પુછવા છતા પણ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

(૧૧) આમ, ઉપરોકત પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો પંચ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ ન હોવાથી નામદાર બોમ્બે હાઈકોર્ટ ધ્વારા

નિર્ણીત મહારાષ્ટ્ર રાજય વિ. ઓમકાર માનીક પાટીલ ક્રિમીનલ લો રીપોર્ટર (એમ.એચ.) ૧૯૭૯ પાન નં. ૪૨૧નો ચુકાદો ઘ્યાને લેતાં જો પંચસાહેદ ફરી ગયેલ જાહેર થયેલો હોય ત્યારબાદ અન્ય પોલીસ સાહેદ તપાસવામાં આવે તો પણ આરોપીને ગુના સાથે સાંકળતો પુરાવો રેકર્ડ ઉપર આવવાનો સંભવ નથી.

સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ધ સુરેશભાઈ એસ.પટેલનો ચુકાદો કે જે (૨૦૧૧) ૨૬ જી.એચ.જે.(૧)માં પ્રસિઘ્ધ થયેલા છે. જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના પ્રસ્થાપિત સિઘ્ધાંત પ્રમાણે જયારે પંચ સાહેદ ફરીયાદપક્ષે ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર થાય ત્યારે ફરીયાદીના પુરાવા પર આધાર રાખવો એ સલામતભર્યુ ગણાય નહી.

માનસીંગ મુળુભાઈ કાઠી દરબાર વિરૂઘ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૨ જે. એલ.એચ.ઈ.એલ.એચ.સી. પાન નં. ૨૨૭૬૯૮માં પ્રસ્થાપિત સિઘ્ધાંતો મુજબ ''જો કોઈ પંચ સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રીકવર કરેલ મુદ્દામાલ શીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતો હોય તેમજ સ્વતંત્ર સાહેદો તપાસેલા ન હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતનો વિરોધાભાસ જણાતો હોય તો આરોપીને શંકાનો લાભ આપી શકાય.''

State Of Gujarat Versus Raijibhai Chaturbhai Solanki, [ AIR 1960 Guj 24]. It was held that "Where the law makes it obligatory for a search to take place in presence of Panchas and the only evidence on which the prosecution ask for a conviction of the accused is police evidence the court will not ordinarily act on that evidence."

The real principle is that where the presence of the Panchas is obligatory at the time of search, the evidence of the Police Officer conduction the search must ordinarily be corroborated, and that if there is no such corroboration, ordinarily, a conviction should not rest solely

on the uncorroborated testimony of the police Officer who conducted the search."

**(૧૨)** આથી, ઉપરોકત તમામ સંજોગો ધ્યાને લેતાં આરોપીના કબજામાંથી કહેવાતો પ્રતિબંધિત મુદ્દામાલ મળી આવેલ હોવાનું તથા ઉકત પદાર્થ ગુજરાત નશાબંધી હેઠળ પ્રતિબંધીત પદાર્થ હોવાનું માની શકાય નહી. જેથી તમામ સંજોગો ધ્યાને લેતાં ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું આ અદાલતનું માનવું છે.

ઉપરોકત કારણો ધ્યાને લેતાં આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતો ન હોઈ મુદ્દા નં.૧ નકારમાં ઠેરવી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવો ન્યાયોચિત જણાય છે.

**<u>-:આખરી હુકમ:-</u>**

(૧) ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૫૫(૧) અન્વયે આરોપી **પીરાભાઈ મેવાભાઈ રાવળ,** રહે.પેપળું, તા.લાખણી, જિ.બનાસકાંઠા નાઓને ગુજરાત નશાબંધી અધિનિયમની **કલમ.૬૫-એફ** મુજબના શિક્ષાપાત્ર ગુન્હામા બી.એન.એસ.એસ.ની કલમ ૨૭૧ (૧) મુજબ નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદામાલ અંગે જો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અન્યથા મુદામાલનો અપીલ સમય વીત્યા બાદ કાયદા મુજબ નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) હાલનો ચુકાદો, બી.એન.એસ.એસ ની કલમ-૩૯૨ (૬) મુજબ આરોપીની ગેરહાજરીમાં જાહેર કરવામાં આવેલ છે (શરદ જેઠાલાલ સાવલા વ. સ્ટેટ ઓફ ગુજરાત ફોજદારી પરચુરણ અરજી નં.૯૮૬૨/૨૦૧૫,નિર્ણીત તા.૧૪/૧૧

/૧૬ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના સરકયુલરનં.૧૬૧૮/૨૦૧૬,તા.૫/૭/૧૬)

(૪) આ કામે આરોપીએ અગાઉ આપેલ જામીન બી.એન.એસ.એસ ની કલમ–૪૮૧ (એ) મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૦ મી માહે. એપ્રિલ, સને.૨૦૨૬ ના રોજ વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : લાખણી
તારીખ : ૧૦/૦૪/૨૦૨૬

**(કુલદીપ આર. શર્મા)**
જયુડી.મેજી.ફ.ક.,લાખણી,
કોડ નં.જી.જે.૦૧૬૪૧